


**IPL 2026** આજની મેચ PBKS Vs RR | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: ન્યુ ચંદીગઢ


| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| PBKS | 7 | 6 | 0 | 1 | 13 | 1.333 |
| RCB | 8 | 6 | 2 | 0 | 12 | 1.919 |
| SRH | 8 | 5 | 3 | 0 | 10 | +0.815 |
| RR | 8 | 5 | 3 | 0 | 10 | +0.602 |
| GT | 8 | 4 | 4 | 0 | 8 | -0.475 |
| CSK | 8 | 3 | 5 | 0 | 6 | -0.121 |
| DC | 8 | 3 | 5 | 0 | 6 | -1.060 |
| KKR | 8 | 2 | 5 | 1 | 5 | -0.751 |
| MI | 7 | 2 | 5 | 0 | 4 | 0.736 |
| LSG | 8 | 2 | 6 | 0 | 4 | -1.106 |

# દિલ્હીનો 75 રનમાં વિંટો વાળી RCB નવ વિકેટે જીત્યું

**આઠ** રનમાં છ વિકેટ ગુમાવનાર દિલ્હીને ઇમ્પેક્ટ સબ અભિષેક પોરેલે 75 રન સુધી પહોંચાડ્યું

**હેઝલવુડ** અને ભુવનેશ્વરના કાતિલ સ્પેલથી દિલ્હી કેપિટલ્સનો પાવરપ્લેમાં સૌથી ઓછા સ્કોરનો રેકોર્ડ

**76 રનના** લક્ષ્યાંકને આરસીબીએ એક વિકેટે માત્ર 6.3 ઓવરમાં જ કબજે કરી લીધો



નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ) : ભુવનેશ્વર કુમાર અને જોશ હેઝલવુડે નવા બોલ સાથે શાનદાર બોલિંગ પ્રદર્શન કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (આરસીબી) એ સોમવારે અહીં આઈપીએલ મેચમાં દિલ્હી કેપિટલ્સને 16.3 ઓવરમાં 75 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. તે પછી આરસીબીએ માત્ર 6.3 ઓવરમાં જ એક વિકેટે લક્ષ્યાંક કબજે કરીને મેચ નવ વિકેટે જીતવા સાથે બીજા સ્થાને મજબૂત રનરેટ સાથે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું હતું. આરસીબી વતી જેકબ બેથલ 20 રન કરીને આઉટ થયો હતો, જ્યારે વિરાટ કોહલી 23 અને દેવદત્ત પડીકલ 34 રને નોટઆઉટ રહ્યા હતા.

છેલ્લી મેચમાં પંજાબ કિંગ્સ સામે બે વિકેટે 264 રનનો પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવનારી કેપિટલ્સ ટીમ માટે આ આઈપીએલમાં ત્રીજો સૌથી ઓછો સ્કોર છે. ટીમ તરફથી અભિષેક પોરેલે સૌથી વધુ 30 રન બનાવ્યા, જ્યારે ફક્ત ડેવિડ મિલર 19 અને કાયલ જેમીસન 12 જ બે આંકડા સુધી પહોંચી શક્યા.

ઓફ-સ્ટમ્પની બહાર હેઝલવુડ અને ભુવનેશ્વરના ટેસ્ટ જેવા સ્વિંગિંગ બોલનો કેપિટલ્સના બેટ્સમેન પાસે કોઈ જવાબ નહોતો, અને ટીમે પ્રથમ ત્રણ ઓવરમાં આઠ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. પાવરપ્લે પછી, કેપિટલ્સના છ વિકેટે 13 રન હતા. આ આઈપીએલમાં સૌથી ઓછો પાવરપ્લે સ્કોર છે. આ પહેલાનો સ્કોર 2009માં આરસીબી સામે બે વિકેટે 14 રન હતો. ભુવનેશ્વરે ત્રણ ઓવરમાં પાંચ રન આપીને ત્રણ જ્યારે હેઝલવુડે 3.3 ઓવરમાં 12 રનમાં ચાર વિકેટ ખેરવી હતી.

### IPL મેચમાં પાવરપ્લેમાં સૌથી ઓછો સ્કોર

| ટીમ | હરીફ ટીમ | સ્કોર | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|
| DC | RCB | 13/6 | દિલ્હી | 2026 |
| RR | RCB | 14/2 | કેપ ટાઉન | 2009 |
| SRH | RR | 14/3 | પુણે | 2022 |
| CSK | KKR | 15/2 | કોલકાતા | 2011 |
| CSK | DC | ૧૬/૧ | રાયપુર | 2015 |

| દિલ્હી કેપિટલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સાહિલ બો.ભુવનેશ્વર | 0 | 2 | 0 | 0 |
| રાહુલ કો.જીતેશ બો.હેઝલવુડ | 1 | 3 | 0 | 0 |
| નીતિશ કો.પડીકલ બો.હેઝલવુડ | 1 | 9 | 0 | 0 |
| રિઝવી કો.જીતેશ બો.હેઝલવુડ | 0 | 1 | 0 | 0 |
| સ્ટબ્સ કો.પડીકલ બો.ભુવનેશ્વર | 5 | 3 | 1 | 0 |
| અક્ષર કો.જીતેશ બો.ભુવનેશ્વર | 0 | 3 | 0 | 0 |
| પોરેલ બો.હેઝલવુડ | 30 | 33 | 3 | 0 |
| મિલર કો.જીતેશ બો.રસીક | 19 | 18 | 3 | 0 |
| જેમિસન LB બો.કૃણાલ | 12 | 13 | 1 | 1 |
| કુલદીપ બો.સુયશ | 3 | 11 | 0 | 0 |
| ચમીરા નોટઆઉટ | 0 | 3 | 0 | 0 |
| વધારાના | 4 | | | |
| કુલ (16.3 ઓવરમાં ઓલઆઉટ) | 75 | | | |

વિકેટપતન : 1/0, 2/2, 3/2, 4/7, 5/7, 6/8, 7/43, 8/62, 9/71, 10/75

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ભુવનેશ્વર કુમાર | 3 | 0 | 5 | 3 |
| જોશ હેઝલવુડ | 3.3 | 0 | 12 | 4 |
| રસિક સલામ | 2 | 0 | 21 | 1 |
| રોમારિયો શેફર્ડ | 2 | 0 | 21 | 0 |
| સુયશ શર્મા | 4 | 1 | 7 | 1 |
| કૃણાલ પંડ્યા | 2 | 0 | 9 | 1 |

| રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેથલ કો.નટરાજન બો.જેમિસન | 20 | 11 | 1 | 2 |
| કોહલી નોટઆઉટ | 23 | 15 | 1 | 2 |
| પડીકલ નોટઆઉટ | 34 | 13 | 3 | 3 |
| વધારાના | 0 | | | |
| કુલ (6.3 ઓવરમાં એક વિકેટે) | 77 | | | |

વિકેટપતન : 1/26

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| કાયલ જેમિસન | 3 | 0 | 42 | 1 |
| દૂશ્મંતા ચમીરા | 2 | 0 | 18 | 0 |
| અક્ષર પટેલ | 1 | 0 | 5 | 0 |
| ટી નટરાજન | 0.3 | 0 | 12 | 0 |

# પંજાબ કિંગ્સનો વિજયરથ અટકાવવા આજે રાજસ્થાન રોયલ્સે ખાસ કરવું પડશે

**પંજાબ** કિંગ્સે હજુ સુધી એકપણ મેચ ગુમાવી નથી ત્યારે રાજસ્થાન રોયલ્સે ફરી સાતત્ય સાધવાની જરૂર

**સાંજે** 7.30થી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર



મુલ્લાનપુર, તા. 27 (પીટીઆઈ) : આઇપીએલમાં આવતીકાલે મંગળવારે અહીં પંજાબ કિંગ્સનો વિજય રથ જો રાજસ્થાન રોયલ્સે અટકાવવો હોય તો સંઘર્ષ કરી રહેલા કેપ્ટન રિયાન પરાગની ટીમે કંઇક ખાસ કરવું પડશે. રિકી પોન્ટિંગે મુખ્ય કોચ તરીકેનો કાર્યભાર સંભાળ્યો અને શ્રેયસ અય્યર કેપ્ટન બન્યો ત્યારથી પંજાબ કિંગ્સમાં મોટા ફેરફારો થયા છે, અને ત્યારથી તેઓ સતત સારું પ્રદર્શન કરી રહ્યા છે. ગયા વર્ષે, તેઓ બીજા ક્રમે રહ્યા હતા, પરંતુ આ વર્ષે તેઓએ શરૂઆતથી જ સારું પ્રદર્શન કર્યું છે.

વિરાટ કોહલીએ તેની નોંધપાત્ર સાતત્યતાને કારણે વર્ષોથી ચેઝ-માસ્ટરનું બિરુદ મેળવ્યું છે, અને હવે અય્યર તેનું અનુકરણ કરી રહ્યો છે. એક કેપ્ટન અને બેટ્સમેન તરીકે, તેણે ઉચ્ચ દબાણવાળી પરિસ્થિતિઓમાં પ્રશંસનીય સંયમ દર્શાવ્યો છે, અને અત્યાર સુધીની ટુર્નામેન્ટમાં પંજાબ કિંગ્સના અજેય રનમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. અય્યરે શાનદાર કેપ્ટનશીપ કરી છે, પરંતુ તેમની આખી ટીમે એક સાથે યોગદાન આપ્યું છે. પંજાબ કિંગ્સે ગયા સિઝનમાં આઇપીએલના ઇતિહાસમાં સૌથી ઓછા સ્કોરનો બચાવ કર્યો હતો અને શનિવારે નવી દિલ્હીમાં ભારે ગરમી હોવા છતાં, તેઓએ 265 રનના રેકોર્ડ લક્ષ્યનો આરામથી પીછો કર્યો. રાજસ્થાન રોયલ્સે ટુર્નામેન્ટની શરૂઆત સારી કરી હતી, પરંતુ તેમની શરૂઆતની ચાર મેચ જીત્યા પછી તેઓ ગતિ ગુમાવી ચૂક્યા છે. યુવા સેન્સેશન વૈભવ સૂર્યવંશીએ શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ ટીમ સાતત્ય જાળવવામાં નિષ્ફળ રહી છે. કેપ્ટન પરાગે અત્યાર સુધી રમેલી આઠ મેચોમાં સારું પ્રદર્શન કર્યું નથી, જેના કારણે તેના મિડલ ઓર્ડર પર દબાણ આવ્યું છે. પરાગે અત્યાર સુધી આઠ ઇનિંગ્સમાં ફક્ત 88 રન બનાવ્યા છે, જેનો સ્ટ્રાઇક રેટ 112.82 છે. દરેક મેચ સાથે તેના પર દબાણ વધી રહ્યું છે.

## સિંધુએ BWF કાઉન્સિલ સભ્ય તરીકે ફરી કામ શરૂ કર્યું

હોર્સેન્સ (ડેનમાર્ક), તા. 27 : બે ડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (બીડબલ્યુએફ) કાઉન્સિલના સભ્ય તરીકે પીવી સિંધુએ પોતાનો કાર્યકાળ શરૂ ક ર્યો છે અને વિશ્વભરના ખેલા ડીઓના મુદ્દાઓ ઉઠાવવાનું વચન આપ્યું છે. બેડમિન્ટનની સૌથી સફળ ખેલાડીઓમાંની એક સિંધુએ ડિસે મ્બ રમાં બીડબલ્યુએફ પ્લેયર્સ કમિશ નના અધ્યક્ષ તરીકે ચૂંટાયા બાદ બી ડ બલ્યુએફ કાઉન્સિલમાં સંપૂર્ણ મતદાન અધિકારો પ્રાપ્ત કર્યા છે. સિંધુ 2025 ના અંતમાં સત્તાવાર રીતે કાઉન્સિલમાં જોડાયા. તેણીએ 25 એપ્રિલના રોજ પ્રથમ વખત અહીં વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપી હતી, જે તેમના કાર્યકાળની શરૂઆત હતી.

## KKRના રઘુવંશીને મેચ ફીના 20 ટકા દંડ

લખનઉ, તા. 27 : કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના વિકેટકીપર બેટ્સમેન અંગક્રિશ રઘુવંશીને ફિલ્ડીંગમાં આવરોધ માટે આઉટ આપ્યા બાદ ગુસ્સો દર્શાવવા બદલ તેની મેચ ફીના 20 ટકા દંડ ફટકારવામાં આવ્યો છે અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. રવિવારે લખનૌ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મેચ દરમિયાન રઘુવંશીને આચારસંહિતાનું ઉલ્લંઘન કરવાનો દોષી ઠેરવવામાં આવ્યો હતો. પેવેલિયન પરત ફરતી વખતે તેણે ગુસ્સામાં પોતાનું બેટ બાઉન્ડ્રી લાઇન પર અથડાવ્યું અને પોતાનું હેલ્મેટ ડગઆઉટમાં ફેંકી દીધું હતું.

## મિચેલ સેન્ટનરના સ્થાને કેશવ મહારાજ મુંબઇ ઈન્ડિયન્સમાં સામેલ

મુંબઈ, તા. 27 : દક્ષિણ આફ્રિકાના સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર કેશવ મહારાજને સોમવારે ઈન્ડિયન પ્રીમિયર લીગની બાકીની મેચો માટે ન્યૂઝીલેન્ડના મિચેલ સેન્ટનરના સ્થાને મુંબઈ ઈન્ડિયન્સ ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. વાનખેડે સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની ટીમની પાછલી મેચ દરમિયાન ખભાની ઈજાને કારણે સેન્ટનર ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો છે. આઇપીએલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મુંબઈ ઇન્ડિયન્સે ડાબા ખભાની ઈજાને કારણે ઇન્ડિયન પ્રીમિયર લીગ 2026માંથી બહાર થયેલા મિચેલ સેન્ટનરના સ્થાને દક્ષિણ આફ્રિકાના સ્પિનર કેશવ મહારાજ સાથે કરાર કર્યો છે.



# ભારતીય રાઈડર જોહાને કતાર સુપરસ્ટોક 600 ચેમ્પિયનશિપ જીતી

**ભારતીય** રાઇડરે 10 માંથી છ રેસ જીતીને 21 પોઈન્ટની સરસાઇ સાથે ચેમ્પિયનશિપ જીતી

દોહા, તા. 27 (પીટીઆઇ) : જોહાન ઈમેન્યુઅલ ફાઇનલ રાઉન્ડની બંને રેસમાં પ્રથમ સ્થાન મેળવીને કતાર સુપરસ્ટોક 600 ચેમ્પિયનશિપ (QSTK) જીતનાર પ્રથમ ભારતીય બન્યો છે. ચેન્નાઈના રહેવાસી 19 વર્ષીય જોહાનને ટાઇટલ મેળવવા માટે બંને રેસ જીતવાની જરૂર હતી અને તે આમ કરવામાં સફળ રહ્યો.

ફાઈનલ રાઉન્ડ પહેલા તે હંગેરીના માર્ટન બેલેલીથી નવ પોઈન્ટ પાછળ હતો. ભારતીય રાઇડરે આખરે 10 માંથી છ રેસ જીતીને 21 પોઈન્ટની લીડ સાથે ચેમ્પિયનશિપ જીતી લીધી. જોહાને કહ્યું કે મારી પહેલી સિઝનમાં મારો પહેલો આંતરરાષ્ટ્રીય ખિતાબ જીતવાનો અવિશ્વસનીય અનુભવ છે. રેસ પછી હું ખૂબ ખુશ હતો. મારી બધી મહેનત અને બલિદાન મૂલ્યવાન હતા. પરંતુ આ તો ફક્ત શરૂઆત છે, હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

# થોમસ કપ : ઓસ્ટ્રેલિયાના સુપડા સાફ કરી ભારત ક્વાર્ટર ફાઈનલમાં

**ગ્રુપ-એમાં** ભારત અને ચીન બંને ટોચના સ્થાને, બુધવારે બંને વચ્ચે રમાનારી મેચ ટેબલ ટોપર નક્કી કરશે



હોર્સેન્સ (ડેનમાર્ક), તા. 27 (પીટીઆઈ) : ભારતીય પુરુષ ટીમે પોતાનો પ્રભાવશાળી દેખાવ ચાલુ રાખીને આજે સોમવારે અહીં ગ્રુપ A મેચમાં ઓસ્ટ્રેલિયાને 5-0થી હરાવીને થોમસ કપ બેડમિન્ટન ટુર્નામેન્ટના ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યું.

ભારત અને ચીન ગ્રુપમાં ટોચ પર છે. 2022ના ચેમ્પિયન ભારતે કેનેડા પર 4-1 થી જીત મેળવી હતી. ચીને તેની ઓપનર મેચમાં ઓસ્ટ્રેલિયાને 5-0 થી હરાવ્યું હતું. સોમવારે તેમણે કેનેડાને 4-1 થી હરાવ્યું હતું. ભારત અને ચીન હવે બુધવારે તેમના અંતિમ ગ્રુપ મેચમાં એકબીજા સામે ટકરાશે, જે ગ્રુપમાં ટોચનું સ્થાન નક્કી કરશે.

પેરિસ ઓલિમ્પિયન અને કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન લક્ષ્ય સેને એફ્રેમ સ્ટીફન સેમ પર 21-14, 21-16 થી વિજય મેળવીને ભારતને શરૂઆતમાં સરસાઈ અપાવી. યુએસ ઓપન ચેમ્પિયન અને તાજેતરમાં બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપના રનર-અપ આયુષ શેટ્ટીએ શ્રે ધાંડને 21-8, 21-6 થી સરળતાથી હરાવીને ભારતની સરસાઈ બમણી કરી. ભારતની ટોચની ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ રિઝકી હિદાયત અને જેક યૂને 21-14, 21-16 થી હરાવીને 3-0 થી જીત મેળવી અને ક્વાર્ટર ફાઈનલમાં ભારતનું સ્થાન સુરક્ષિત કર્યું.

વર્લ્ડ ચેમ્પિયનશિપ 2023 અને એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા એચએસ પ્રણોયે અડધા કલાકથી ઓછા સમયમાં ઋષિ હોન્ડા ભૂપતિ પર 21-11, 21-17 થી વિજય મેળવ્યો. હરિહરન અમસાકરુનન અને એમઆર અર્જુને બીજી ડબલ્સ મેચમાં એન્ડિકા રામાડિયાન્સ્યાહ અને એફ્રાઈમ સ્ટીફન સેમને 21-12, 21-10 થી હરાવીને ભારતને સ્પર્ધામાં ક્લીન સ્વીપ અપાવ્યો.



# કોકો ગફ બીમાર હોવા છતાં મેડ્રિડ ઓપનના ચોથા રાઉન્ડમાં પહોંચી

**બીજા** સેટ દરમિયાન કોર્ટ પર જ ઉલટી કરનારી કોકો ગફે સોરાના સિર્સ્ટીઆ સામે 4-6, 7-5, 6-1થી જીત મેળવી

મેડ્રિડ, તા. 27 (એપી) : અમેરિકન સ્ટાર ખેલાડી કોકો ગફ કોર્ટ પર બીમાર પડી જવા અને ઉલટી થવા છતાં મેડ્રિડ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં પહોંચી ગઈ છે. ગયા વર્ષે મેડ્રિડ ઓપનની ફાઇનલમાં પહોંચેલી ગૌફે સોરાના સિર્સ્ટીઆ સામે પહેલો સેટ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી અને 4-6, 7-5, 6-1થી જીત મેળવી.

બીજા સેટની વચ્ચે ગોફને કોર્ટ પર ઉલટી થઈ ગઈ, જેના કારણે તે થોડી અસ્વસ્થતા અનુભવી રહી હતી. તેણે કહ્યું કે જ્યારે મને કોર્ટ પર ઉલટી થઈ, ત્યારે મને સારું લાગ્યું નહીં. તે પછી, પહેલી અને બીજી ગેમ પછી, મને લાગ્યું કે મારી બધી શક્તિ છીનવાઈ ગઈ છે. શનિવારે, વિશ્વની ચોથી ક્રમાંકિત ખેલાડી ઈગા સ્વિયાટેકે એક અજ્ઞાત બીમારીને કારણે અમેરિકન એન લી સામેની મેચમાંથી નામ પાછું ખેંચી લીધું હતું. ગફે કહ્યું હતું કે મને મેચમાંથી ખસી જવાનું પસંદ નથી.

# તૌહીદની અર્ધસદીથી બાંગ્લાદેશે પ્રથમ ટી-20માં ન્યુઝીલેન્ડને હરાવ્યું

**ન્યૂઝીલેન્ડે** છ વિકેટે 182 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો, તૌહિદની ઇનિંગથી બાંગ્લાદેશે 18 ઓવરમાં લક્ષ્યાંક આંબી લીધો



ચિત્તાગોંગ, તા. 27 (એપી) : ટી-20 સીરિઝની આજે સોમવારે અહીં રમાયેલી પ્રથમ ટી-20માં તૌહીદ હૃદયની નોટઆઉટ અર્ધસદીની મદદથી બાંગ્લાદેશે ન્યુઝીલેન્ડને છ વિકેટથી હરાવ્યું હતું. ન્યૂઝીલેન્ડે છ વિકેટે 182 રનનો પડકારજનક સ્કોર બનાવ્યો હતો. જો કે તૌહિદની ઈનિંગની મદદથી બાંગ્લાદેશે 18મી ઓવરમાં ચાર વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો.

તૌહિદે 27 બોલમાં બે ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી 51 રન બનાવી નોટઆઉટ રહ્યો. તેણે પરવેઝ હુસૈન સાથે 57 રન અને શમીમ હુસૈન સાથે પાંચમી વિકેટ માટે 49 રનની નોટઆઉટ ભાગીદારી કરી, જેનાથી બાંગ્લાદેશે 18 ઓવરમાં ચાર વિકેટે 183 રન બનાવ્યા. આ પહેલા ન્યુઝીલેન્ડે ઓપનર ડેન ક્લેવર અને કેટલિન ક્લાર્કે 51-51 રનની મદદથી છ વિકેટે 182 રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડના બોલરોએ પ્રારંભે બાંગ્લાદેશના ટોચના ક્રમના બેટ્સમેનોને કાબૂમાં રાખતા યજમાન ટીમનો સ્કોર 11મી ઓવરમાં ત્રણ વિકેટે 77 રન પર આવી ગયો હતો. જોકે, ત્યારબાદ તૌહિદે સમજદારીપૂર્વક આક્રમક ઈનિંગ રમી, જેના કારણે બાંગ્લાદેશ 12 બોલ બાકી રાખીને મેચ જીત્યું હતું.

| ન્યૂઝીલેન્ડ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ક્લાર્ક કો.તૌહિદ બો.રિષાદ | 51 | 37 | 7 | 1 |
| રોબિન્સન રનઆઉટ | 0 | 1 | 0 | 0 |
| ક્લીવર LB બો.રિષાદ | 51 | 28 | 7 | 1 |
| નિક કો.તંઝીમ હો.શોરિફુલ | 39 | 27 | 5 | 1 |
| જેકોબ્સ કો.રિષાદ બો.તંઝીમ | 1 | 2 | 0 | 0 |
| ફોક્સક્રોફ્ટ બો.મહેંદી | 3 | 7 | 0 | 0 |
| ક્લાર્કસન નોટઆઉટ | 27 | 14 | 2 | 1 |
| નાથન નોટઆઉટ | 2 | 4 | 0 | 0 |
| વધારાના | 8 | | | |
| કુલ (20 ઓવરમાં છ વિકેટે) | 182 | | | |

વિકેટપતન : 1/11, 2/99, 3/110, 4/117, 5/130, 6/162

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| શોરિફુલ ઇસ્લામ | 4 | 0 | 36 | 1 |
| તંઝીમ હસન સાકિબ | 4 | 0 | 40 | 1 |
| રિપોન મોંડલ | 4 | 0 | 39 | 0 |
| મહેંદી હસન | 4 | 0 | 31 | 1 |
| રિષાદ હુસેન | 4 | 0 | 32 | 2 |

| બાંગ્લાદેશ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સૈફ કો.જેકોબ બો.સ્મિથ | 17 | 16 | 2 | 1 |
| તંઝીદ કો.સ્મિથ બો.સોઢી | 20 | 25 | 1 | 0 |
| લિટન બો.સોઢી | 21 | 15 | 2 | 1 |
| તૌહિદ નોટઆઉટ | 51 | 27 | 2 | 3 |
| પરવેઝ કો.રોબિન્સન બો.ક્લાર્કસન | 28 | 14 | 1 | 2 |
| શમીમ નોટઆઉટ | 31 | 13 | 3 | 2 |
| વધારાના | 15 | | | |
| કુલ (18 ઓવરમાં ચાર વિકેટે) | 183 | | | |

વિકેટપતન : 1/41, 2/66, 3/77, 4/134

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| નાથન સ્મિથ | 3 | 0 | 33 | 1 |
| મેથ્યુ ફિશર | 4 | 0 | 53 | 0 |
| બેન ટિકનેર | 4 | 0 | 23 | 0 |
| ઇશ સોઢી | 4 | 0 | 40 | 2 |
| જોશ ક્લાર્કસન | 3 | 0 | 28 | 1 |



## વૈભવ સૂર્યવંશીએ બાળ ચાહક સાથે મજાક કરી, 'ભાઇ સેલ્ફીના હું 100 રૂ. લઉ છું'

નવી દિલ્હી, તા. 27 : IPL 2026માં પોતાની વિસ્ફોટક બેટિંગથી દુનિયાને મોહિત કરનાર રાજસ્થાન રોયલ્સના યુવા સ્ટાર વૈભવ સૂર્યવંશીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે, જેમાં વૈભવનો મનોહર અને રમૂજી સ્વભાવ દેખાય છે. વીડિયોમાં, વૈભવ એરપોર્ટ વેઇટિંગ એરિયામાં બેઠો જોવા મળે છે જ્યારે બે નાના બાળકો તેની પાસે આવે છે અને સેલ્ફી માટે વિનંતી કરે છે. બાળકો સાથે મજાક કરતા, વૈભવે ગંભીરતાથી કહ્યું, 'ભાઈ, હું ફોટા માટે ચાર્જ કરું છું. હું સાચું કહું છું. હું 100 રૂપિયા લઈશ. જો તમે ઇચ્છો તો મને કહો'. બાળકો તરત જ સંમત થયા અને તેઓ હાથમાં 200 રૂપિયા લઇને તેની સાથે ફોટો પડાવવા માટે તૈયાર થયા, ત્યારે વૈભવે હસીને કહ્યું કે અરે હું તો મજાક કરી રહ્યો હતો અને તે પછી તેણે બાળકો સાથે ફોટો પડાવ્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### ભારત-ન્યુઝીલેન્ડ...

વખત એવું બન્યું છે કે ભારતને ૧૫ વર્ષમાં ૨૦ અબજ યુએસ ડોલરના એફડીઆઈ (ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ) ની પ્રતિબદ્ધતા મળી છે. અગાઉ ચાર યુરોપિયન દેશોના બ્લોક 'EFTA' સાથેના કરારમાં ભારતને ૧૦૦ અબજ યુએસ ડોલરની આવી જ પ્રતિબદ્ધતા મળી હતી. ભારત-ન્યુઝીલેન્ડ સમજૂતી પર વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના મુલાકાતી વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલે દ્વારા અહીં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ સમજૂતીથી પાંચ વર્ષમાં વસ્તુઓ અને સેવાઓના દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૫ અબજ યુએસ ડોલર સુધી પહોંચાડવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. આ સમજૂતી પર ટિપ્પણી કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, તેનાથી ખેડૂતો, યુવાનો, મહિલાઓ, MSME, કારીગરો, સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થીઓ અને સંશોધકોને ઘણો ફાયદો થશે.

**ભારતના કેટલાક ડેરી અને કૃષિ ઉત્પાદનોને કરારમાંથી બાકાત રખાયા**

ન્યૂઝિલેન્ડને ડ્યુટી છૂટછાટ આપવામાંથી ભારતના અમુક સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે અમુક ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે. સંવેદનશીલ ક્ષેત્રોના રક્ષણ માટે ૨૯.૯૭ ટકા ટેરિફ લાઇનને બાકાત રાખવામાં આવી છે. જે ઉત્પાદનોને બાકાત રાખવામાં આવ્યા છે તેમાં મુખ્યત્વે ડેરી (દૂધ, ક્રીમ, દહીં, ચીઝ વગેરે), પ્રાણીજ ઉત્પાદનો (ઘેટાના માંસ સિવાય), કૃષિ ઉત્પાદનો (ડુંગળી, ચણા, વટાણા, મકાઈ, બદામ), ખાંડ, કૃત્રિમ મધ, પ્રાણીજ કે વનસ્પતિ તેલ, શસ્ત્રો અને દારૂગોળો, જેમ્સ એન્ડ જ્વેલરી, તાંબુ અને તેની વસ્તુઓ તેમજ એલ્યુમિનિયમ અને તેની વસ્તુઓનો સમાવેશ થાય છે.

**ન્યૂઝીલેન્ડના શાસક ગઠબંધનના ભાગીદાર પક્ષે કરારનો જાહેરમાં વિરોધ કર્યો છે**

ન્યુઝીલેન્ડમાં ઘર આંગણે લક્ઝન સરકારના ગઠબંધન ભાગીદાર, 'ન્યુઝીલેન્ડ ફર્સ્ટ' એ આ સમજૂતીનો જાહેરમાં વિરોધ કર્યો છે. જો કે, ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્ઝને આ કરાર માટે મુખ્ય વિરોધ પક્ષ 'લેબર પાર્ટી'નું સમર્થન મેળવી લીધું છે. આ કરારને સંસદમાં મંજૂર કરાવવા માટે પુરતી બહુમતિ મળી રહેશે એવો વિશ્વાસ ન્યૂઝીલેન્ડના વેપાર મંત્રી ટોડ મેકલેએ વ્યક્ત કર્યો છે.

### જો અમેરિકા નાકાબંધી...

ગેસની નિકાસ માટે આ જળમાર્ગનો ઉપયોગ કરે છે. આ બંધની વૈશ્વિક અર્થતંત્ર પર પણ વ્યાપક અસરો પડી છે, જેનાથી ખાતર, ખોરાક અને અન્ય પાયાની ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. આ દરખાસ્તમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમ પરની વાટાઘાટોને પછીની તારીખ પર ટાળવાની વાત છે.

### ટ્રમ્પે કહ્યું,...

હથિયાર હશે નહીં. ઈરાન આગ્રહ રાખે છે કે તેનો કાર્યક્રમ શાંતિપૂર્ણ છે, પરંતુ અમેરિકા તેહરાનના સંવર્ધિત યુરેનિયમના જથ્થાને હટાવવા માંગે છે, જેનો ઉપયોગ બોમ્બ બનાવવા માટે થઈ શકે છે.

### હોર્મુઝની સામુદ્રધુની...

ત્યારથી તેલના ભાવ સતત વધી રહ્યા છે અને ક્રૂડ તેલથી ભરેલા ટેન્કરો ગલ્ફમાં અટવાયા છે, જેઓ સુરક્ષિત રીતે સામુદ્રધુની પાર કરીને વૈશ્વિક વિતરણ કેન્દ્રો સુધી પહોંચવા માટે અસમર્થ છે.

### દેશની વર્તમાન...

ફક્ત પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં મતદાન હતું, જ્યાં બીજા તબક્કાનું મતદાન ૨૯મી એપ્રિલે યોજાનાર છે. જ્યારે અન્ય તમામ સ્થળે મતદાન પૂર્ણ થઇ ચુક્યું છે.

### હાઇકોર્ટના જજ...

બાબતે તેમની પાસે ગંભીર અને વણઉકેલાયેલી ચિંતાઓ છે. કેજરીવાલે પાછળથી X પર એક વિડિયો સંદેશ પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે તેમની લડાઈ જીતવા કે હારવા વિશે નથી, પરંતુ સાચા અને ખોટા વિશે છે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ આ બાબતે જસ્ટિસ શર્મા દ્વારા આપવામાં આવેલા અગાઉના આદેશ સામે સર્વોચ્ચ અદાલતમાં જવાની તૈયારી કરી રહ્યા છે. કેજરીવાલે તેમના વીડિયોમાં કહ્યું, લોકો મને પૂછી શકે છે કે જો હું કેસમાંથી હટવાના ઓર્ડરથી અસંતુષ્ટ છું, તો હું સુપ્રીમ કોર્ટમાં કેમ નથી જતો? હું તેની તૈયારી કરી રહ્યો છું, આ એક ખૂબ જ સંવેદનશીલ કેસ છે.

### મહારાષ્ટ્ર કોંગ્રેસના...

કરી હોય તેમ જણાયું હતું. ભાજપ દ્વારા સપાટી પર લાવવામાં આવેલા એક વીડિયોમાં, વડેટ્ટીવારે કથિત રીતે વૈશ્વિક શાંતિને ખલેલ પહોંચાડનારા કૃત્યોની સરખામણી 'જેવું વાવો તેવું લણો' સાથે કરી હતી અને ઈશારો કર્યો હતો કે ભારતમાં પણ આવું જ વાતાવરણ પ્રવર્તે છે. વીડિયોમાં વડેટ્ટીવાર એમ કહેતા સંભળાય છે કે, તેમણે (ટ્રમ્પે) પોતાના દેશને બરબાદ કરી દીધો છે... અત્યારે જે કંઈ પણ થયું છે તે થવાનું જ હતું. વડેટ્ટીવારે જણાવ્યું હતું કે અમેરિકામાં લોકો વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે, જ્યારે ભારતમાં વિરોધ પ્રદર્શનના અભાવે એવી છાપ ઊભી થાય છે કે બધું બરાબર છે, જોકે તેમના મતે, અહીં પણ આવી જ લાગણી પ્રવર્તે છે. ભાજપે કોંગ્રેસ પર બંધારણીય નેતાઓ વિરુદ્ધ હિંસાનું સમર્થન કરવાનો આરોપ મૂક્યો છે અને તેની ટીકાને રાજકીય સીમાઓથી આગળ વધારવાનો આક્ષેપ કર્યો છે.

### ગુજરાતમાં સ્થાનિક...

અને ૩૩,૭૫૦ પોલીસ જવાન ચુસ્ત બંદોબસ્ત માટે તૈનાત રહેશે. જ્યારે કુલ ૮૩૮ હોલમાં મતગણતરી હાથ ધરાશે.

**ભાજપનો આત્મવિશ્વાસ, વિપક્ષનો અસ્તિત્વનો જંગ**

- **ભાજપ:** મતદાન પહેલા જ ૭૩૦ બેઠકો બિનહરીફ જીતીને અને ૮ નગરપાલિકા પર કબજો મેળવીને ભાજપ મજબૂત સ્થિતિમાં છે.
- **કોંગ્રેસ:** વિપક્ષ માટે આ 'કરો અથવા મરો'ની સ્થિતિ છે. ૨૦૨૭ માટે જોમ મેળવવા કોંગ્રેસને આ વખતે ગાબડું પાડવું અનિવાર્ય છે.
- **આમ આદમી પાર્ટી (AAP):** ત્રિપાંખિયા જંગમાં 'આપ' પોતાના મૂળિયા કેટલા ઊંડા થયા છે તેની કસોટી આપશે.

**ચૂંટણી ટાણે જ મહેસાણા ભાજપમાં 'સર્જિકલ સ્ટ્રાઇક'**

પરિણામો પહેલા જ શિસ્તભંગના મામલે મહેસાણા ભાજપ એક્શન મોડમાં આવ્યું છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ ૫ આગેવાનોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેમાં પૂર્વ ઉપપ્રમુખ જગદીશ એમ. પટેલ અને પૂર્વ મહામંત્રી દિનેશ ચૌધરી જેવા દિગ્ગજોનો સમાવેશ થાય છે.

### દિલ્હી ડાયરી...

**આધાર કાર્ડમાં 'જમ્મુ-કાશ્મીર'ના બદલે 'લદ્દાખ'**

'પહાડી રણ' તરીકે ઓળખાતા લદ્દાખને હવે આધાર રેકોર્ડમાં એક અલગ ઓળખ મળી છે. લેફ્ટનન્ટ ગવર્નર વી. એમ. સક્સેનાના વહીવટીતંત્રે આધાર કાર્ડમાં 'જમ્મુ-કાશ્મીર' લેબલ હટાવીને તેના સ્થાને 'લદ્દાખ' નામ સામેલ કર્યું છે. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ નાબૂદ થયા બાદ લદ્દાખને અલગ કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો, જેના લગભગ સાત વર્ષ બાદ આ ફેરફાર થયો છે. આ પગલાને પ્રદેશની જનતાને શાંત કરવાના એક સાંકેતિક પ્રયાસ તરીકે જોવામાં આવે છે. કારણ કે, બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ વિશેષ દરજ્જા જેવી તેમની મુખ્ય માંગણીઓ હજી અધૂરી છે. અગાઉ લદ્દાખના રહેવાસીઓના આધાર કાર્ડમાં 'રાજ્ય'ના ખાનામાં જમ્મુ-કાશ્મીર લખેલું આવતું હતું.